**સુવિચાર**
''બીજાને દુઃખી કરીને મેળવેલ સુખની ઉંમર ઘણી ઓછી હોય છે.''
:: સૌજન્ય ::
**નિલકંઠ જ્વેલર્સ**
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૩૧/૧૦/૨૦૨૫, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.




તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યું. : વિક્રમ સંવત ૨૦૮૨ કારતક સુદ-૯ વર્ષ : ૧૬ અંક : ૨૬૯

## અમુક વિસ્તારમાં દરરોજ તો અમુક વિસ્તારમાં એકાતરા પાણી વિતરણ

# આનંદો : અમરેલીમાં પાણીની વિતરણ વ્યવસ્થામાં સુધારો

**ધારાસભ્ય અને રાજય ઉર્જામંત્રી કૌશિક વેકરિયાએ વર્ષો જુના પ્રશ્નનું નિરાકરણ કરવાની પહેલ કરી**

**આગામી ૬ થી ૮ મહિનામાં શહેરનાં દરેક વિસ્તારમાં દરરોજ પાણી વિતરણ શરૂ કરી દેવાશે**

**શહેરની મહિલાઓમાં નિયમિત પાણી વિતરણની પહેલથી ખૂશીનો માહોલ**

**માણેકપરા, સુખનાથપરા, બટારવાડી, સરદારનગરમાં દરરોજ અને ચિતલ રોડ, ચોરાપા, બહારપરામાં એકાતરા પાણી વિતરણ**







અમરેલી, તા. ૩૦

અમરેલી શહેર ઉપર એક શ્રાપ હતો કે અમરેલી શહેર પાણી માટે કાયમી તંગી ભોગવશે. જેને પાલિકાના શાસનકર્તાઓ દ્વારા વર્ષો સુધી તે શ્રાપને જાણે અક્ષરશઃ સાચું પાડતા હોય તેમ અગાઉ મહિનામાં બે ત્રણ વખત પીવાનું પાણી વિતરણ કરતાં હતા. ધીમેધીમે પાણી સંગ્રહ કરવા માટેના સાધનો વધતાં જતાં છેલ્લા પાંચેક વર્ષથી અમરેલી શહેરમાં દર ત્રણ દિવસે પીવાનું પાણી પાલિકા દ્વારા વિતરણ કરવામાં આવી રહયું હતું.

ત્યારે અમરેલીના ધારાસભ્ય કૌશિક વેકરીયા રાજય સરકારમાં મંત્રી બનતાની સાથે જ અમરેલી શહેર ઉપર પાણી માટેની તંગીનો શ્રાપ હતો તેનું નિરાકરણ થઈ જતાં હવે અમરેલી શહેરમાં કેટલાંક વિસ્તારોને હવે દરરોજ અને બાકીના વિસ્તારોને એકાંતરા પાણી વિતરણ કરવામાં આવશે.

અમરેલી શહેરની આશરે બે લાખની વસ્તી માટે રોજ ૨૦ એમ.એલ.ડી. પાણીની જરૂરિયાત છે. જેને લઈ મહી પરીએજ યોજના, સ્થાનિક સ્ત્રોત એવા અમરેલી નજીક આવેલ ઠેબી ડેમ તથા વરૂડી વોટર વર્કસમાંથી ૨૦ એમ.એલ.ડી. પાણીનો જથ્થો હાલમાં મળી રહે છે.

આ અંગે અમરેલી

**અનુસંધાન પાના ૬ ઉપર**



### કિસાન સંઘે મામલતદારને આવેદનપત્ર પાઠવ્યુ

# બાબરા : કમોસમી વરસાદથી ખેતીપાક બરબાદ થયો હોય દેવુ માફ કરો

### ભાજપ, કોંગ્રેસ અને ''આપ''નાં આગેવાનોની પણ રજુઆત

બાબરા તા.૩૦

બાબરા તાલુકામાં છેલ્લા પાંચ દિવસથી વરસતા કમોસમી વરસાદના પગલે ધરતી પુત્રોના ઉભા પાક અને તૈયાર થયેલા પાકોમાં થયેલા સંપૂર્ણ નુકશાનના વળતર પેટે રાહત પેકેજ રૂપે ખેડુતોના સંપૂર્ણ દેવા માફ કરવા માટે જીલ્લા કોંગ્રેસ, જીલ્લા ભાજપ, જીલ્લા આમ આદમી પાર્ટી સહીતના હોદ્દેદારો અને આ વિસ્તારના ધારાસભ્ય જીલ્લા પંચાયત સભ્યો આગેવાનો દ્વારા રાજયના મુખ્યમંત્રી તથા રાજયપાલ સમક્ષ પોતાની રજુઆતો કરી છે.



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

આજે બાબરા તાલુકા કિસાન સંઘ આગેવાનો અને ખેડુતો એકત્ર બની તાલુકા મામલતદાર કચેરી ખાતે પોતાની આપવીતી વર્ણાવતા આવેદનમાં જણાવ્યા મુજબ ચાલુ વર્ષે ચાર ચાર મહિના સુધી સખ્ત મહેતન કરી ઉભો કરેલો પાક કમોસમી વરસાદથી સંપૂર્ણ નિષ્ફળ ગયો છે અને ખેડુત માથે ઉપર આભ ફાટયું જેવી સ્થિતિ વચ્ચે કપાસ મગફળી ડુંગળી મગ સહિત લીલો સુકો ચારો નાશ પામ્યો છે ખેડુતોને વિપદામાંથી ઉગારવા માટે ખેડુત મંડળી બેંક સહિતના પાક ધિરાણો સંપૂર્ણ માફ કરવા માંગ ઉઠાવી છે.

તાલુકા કોંગ્રેસ પુર્વ પ્રમુખ બિપીનભાઈ વસાણી દ્વારા રાજય સરકારમાં ખેડુતોના હિત માટે સર્વે રાજકીય પક્ષો ખેડુત આગેવાનોની માંગ યોગ્ય ઠેરવી અને તાત્કાલિક અસરથી ખેડુતોને દેવા મુકત કરી આપવા રાજયપાલ સમક્ષ પણ પત્ર દ્વારા ગુહાર લાગવી છે.

### સવારે ૧૦ કલાકે સરદાર સર્કલ ખાતે સરદાર પટેલની પ્રતિમાને કરાશે પુષ્પાજંલિ અર્પણ

# અમરેલીમાં આજે લેઉવા પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સરદાર પટેલની ૧૫૦ જન્મજયંતીની ઉજવણી

### મોટી સંખ્યામાં શહેરીજનોને ઉપસ્થિત રહેવા અનુરોધ કરતાં પ્રમુખ ડી.કે. રૈયાણી

અમરેલી, તા. ૩૦

અખંડ ભારતના શિલ્પી લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્યજયંતિની દેશભરમાં ભવ્ય ઉજવણી થઈ રહી છે. અમરેલી શહેરમાં પણ લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ અમરેલી દ્વારા સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતીની ઉજવણી કરવામાં આવશે. એકતાના પ્રતિક એવા સરદાર સાહેબની જન્મજયંતી નિમિત્તે ૩૧ ઓકટોબરને શુક્રવારના રોજ સવારે ૧૦:૦૦ કલાકે સરદાર સર્કલ, ફોરવર્ડ સ્કુલ પાસે સરદાર સાહેબની પ્રતિમાને પુષ્પાજંલિ અર્પણ કરવામાં



આવશે. આ માટે મોટી સંખ્યામાં શહેરીજનોને પધારવા માટે લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ ડી.કે. રૈયાણી દ્વારા આહવાન કરવામાં આવ્યું છે.

### યુવાનોને પ્રેમસબંધ થાય અને વડિલો વચ્ચે માથાકૂટ

# લાઠીમાં યુવકને પ્રેમસબંધ હોય યુવતીનાં પિતાએ યુવકનાં પિતા સહિત ૨ ને માર માર્યો

### પોલીસે બનાવ અંગે ગુન્હો નોંધી તપાસ આદરી

અમરેલી, તા. ૩૦

લાઠી ગામે આવેલ ખોડીયારનગરમાં રહેતા અરવિંદભાઈ ઠાકરશીભાઈ ધરજીયાની દિકરી રોહિનાને કેવલ સાથે પ્રેમ સબંધ હોય. એ વાતનું આરોપીઓને સારૂ નહિ લાગતા તે જ ગામે રહેતા લાલજીભાઈ ગોવિંદભાઈ સરવૈયા પોતાના ઘરની બહાર બજારમાં ઉભા હોઈ ત્યારે રાજુભાઈ ઠાકરશીભાઈ ધરજીયા સહિત તમામ ૭ આરોપીઓ એકઠા થઈ એકસંપ કરી ગેરકાયદે મંડળી રચી બધા સાથે આવી લાલજીભાઈને કહેલ કે તમારા દિકરા કેવલને સમજાવી દેજો કે અમારી દિકરી રોહિના સાથે પ્રેમ સબંધ ન રાખે નહિતર સારાવાટ નહિ રહે. તેમ કહી ગાળો આપી આરોપીઓએ ધોકા તેમજ લાકડી તેમજ છરી જેવા અલગ અલગ હથિયારો ધારણ કરી પ્રભાબેનને લાફો મારી મોઢા ઉપર ઉજરડા કરી તથા લાલજીભાઈને ડાબી આંખ ઉપર છરીનો એક ઘા મારી ઈજા કરી તેમજ ધોકા તેમજ લાકડી જેવા હથિયારો વડે લાલજીભાઈ સહિત ૪ લોકોને માર મારી ઈજાઓ કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

### ગઢડા મંદિરનાં શ્રી આધ્યાત્મસ્વરૂપ સ્વામી અને રાજય મંત્રી વેકરિયાનાં હસ્તે

# અમરેલીમાં નવિનીકરણ થયેલ ''સરદાર સર્કલ'' નું લોકાર્પણ અને સેન્ટર પોઈન્ટથી સ્વામી મંદિર સુધીનાં માર્ગનું ભૂમિપૂજન

### સરદાર પટેલની ૧૫૦મી જન્મ જયંતી નિમિત્તે આજે સવારે કાર્યક્રમ

અમરેલી, તા. ૩૦

અમરેલી ખાતે આવેલ સરદાર સર્કલનું નવિનીકરણ થયા બાદ આવતીકાલ સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતી પ્રસંગે સવારે ૮:૩૦ કલાકે ગઢડા મંદિરનાં કોઠારી શ્રી આધ્યાત્મ સ્વરૂપ સ્વામી અને રાજયમંત્રી કૌશિક વેકરિયાનાં વરદહસ્તે સર્કલનું લોકાર્પણ કરવામાં આવશે.

તદુઉપરાંત સેન્ટર પોઈન્ટથી સ્વામીનારાયણ મંદિર સુધી પ્રમુખ સ્વામી મહારાજ માર્ગનું ભૂમિપૂજન પણ કરવામાં આવશે.

આ કાર્યક્રમમાં સાંસદ સુતરીયા, ઈફકો ચેરમેન દિલીપ સંઘાણી, ભાજપા પ્રમુખ અતુલ કાનાણી, પાલિકા પ્રમુખ બિપિન લીંબાણી, માર્કેટયાર્ડનાં પૂર્વ ચેરમેન પી.પી. સોજીત્રા, મેહુલભાઈ ધોરાજિયા, રાજેશ કાબરીયા, વિજય ચોટલીયા અને ચીફ ઓફિસર વી.સી. રાઠોડ ઉપસ્થિત રહેશે. શહેરીજનોને ઉપસ્થિત રહેવા પાલિકા દ્વારા અનુરોધ કરવામાં આવેલ છે.



### એક તરફ જળાશય, બીજી તરફ ગળધરા ખોડિયાર મંદિર

# અમરેલીનાં આંબરડી સફારી પાર્કમાં દિવાળીની રજાઓમાં પ્રવાસીઓની ભીડ

### જિલ્લામાં પ્રવાસીઓની સંખ્યામાં સતત વધારો

અમરેલી, તા. ૩૦

અમરેલી જિલ્લામાં ધારી નજીક આવેલા ખોડિયાર જળાશય પાસે આવેલ ગળધરાં ખોડિયાર મંદિર તથા તેમની બાજુમાં જ આવેલા આંબરડી સફારી પાર્કમાં દિવાળી તથા નવા વર્ષના પ્રારંભના તહેવારો દરમિયાન હજારો લોકોએ પોતાના પરિવાર તથા મિત્રો સાથે ઉમટી પડયા હતા. માત્ર એક જ અઠવાડિયા દરમિયાન હજારો લોકોએ ગળધરાં ખોડિયાર મંદિરે તેમજ આંબરડી સફારી પાર્કમાં સિંહ દર્શન કર્યા હતા. ધારીના બંને પર્યટક સ્થળે સતત પ્રવાસીઓના ભારે ઘસારાના કારણે ટ્રાફિક જામની સમસ્યા સર્જાઈ હતી.





તાજેતરમાં સમગ્ર સૌરાષ્ટ્રમાં અમરેલી જિલ્લામાં છેલ્લી સિંહની વસ્તી ગણતરી દરમિયાન સૌથી વધારે સિંહનો વસવાટ અમરેલી જિલ્લામાં જોવા મળ્યો છે. સિંહ દર્શન માટે તથા પ્રવાસીઓને આકર્ષવા માટે ગુજરાત સરકારના પ્રયત્નોના કારણે અમરેલી જિલ્લાના ધારી નજીક આવેલ આંબરડી સફારી પાર્કમાં એશિયાટીક સિંહોને ખુલ્લા વિચરતા જોવા માટે સતત પ્રવાસીઓ ઉમટી રહ્યા હતા.

માત્ર અમરેલી જિલ્લામાંથી જ નહીં પરંતુ સૌરાષ્ટ્ર અમદાવાદ ઉત્તર ગુજરાત અને કચ્છમાંથી પણ પ્રવાસીઓ અહીં સિંહ દર્શન માટે ઉમટી પડ્યા હતા. દિવાળીના વેકેશનમાં ગુજરાતી લોકો સૌથી વધુ બહાર પ્રવાસે નીકળતા હોય છે. આંબરડી સફારી પાર્કમાં સિંહ દર્શનમાં સૌથી વધુ ભીડ જામે છે. અમરેલી જિલ્લામાં આવેલ ધારી ગીર જંગલ વિસ્તારમાં આંબરડી સફારી પાર્કમાં પર્યટકોની ભીડ ઉમટી પડી હતી.

સૌરાષ્ટ્ર ગુજરાતના અલગ અલગ જિલ્લાના શહેર અને ગ્રામ્ય વિસ્તારના લોકો આ બંને પર્યટક સ્થળોએ વધુ ઉમટી પડવાના કારણે વાહનોની લાંબી કતારો જોવા મળતી હતી. સફારી પાર્કની અંદર દિવાળી વેકેશનના કારણે વિશેષ વ્યવસ્થા ઉભી કરવામાં આવી હતી. જેમાં અલગથી વધારાની પણ બસ ફાળવી ખાસ ફાળવી દેવામાં આવેલ હતી. નવા વર્ષના તહેવારને લઈને કુલ ૧૨ જેટલી બસ સફારી પાર્કમાં દોડી રહી હતી. જેથી પર્યટકો પ્રવાસીઓને કોઈ મુશ્કેલીનો સામનો ન કરવો પડયો ના હતો.

### જિલ્લા આરોગ્ય સમિતિનાં ચેરમેને મદદની કરી માંગ

# અમરેલી જિલ્લામાં કમોસમી વરસાદમાં ખેતીપાકો અને ઘાસચારાને વ્યાપક નુકસાન

### યુધ્ધનાં ધોરણે સહાય ચુકવવા મુખ્યમંત્રીને પત્ર પાઠવ્યો

અમરેલી, તા. ૩૦

અમરેલી જિલ્લા પંચાયતની આરોગ્ય સમિતિનાં ચેરમેન અશ્વિનભાઈ કુંજડીયાએ મુખ્યમંત્રીને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, તાજેતરમાં ઓકટોબર–૨૦૨૫ માસ દરમ્યાન સમગ્ર અમરેલી જીલ્લામાં ધારી તાલુકા સહિત સમગ્ર જીલ્લામાં ભારે થી અતિભારે કમોસમી વરસાદ પડેલ છે. જેના કારણે અમરેલી જીલ્લાના મોટાભાગના ગામડાઓમાં ખેડુતોના ખેતી પાકો જેવા કે, કપાસ, મગફળી, તુવેર, ડુંગળી, સોયાબીન, તલ, મગ,



અડદ સહિતના કઠોળ વિગેરે પાકો ઉપરાંત બાગાયતી પાકોને પણ ભારે નુકશાન થયેલ છે. અમારા પ્રવાસ દરમ્યાન મોટાભાગના ખેડુતોના ખેતીપાકો અને બાગાયતી પાકો સાવ નિષ્ફળ ગયેલ હોવાની રજુઆતો મળી રહી છે. જેથી ખેડુતોને સરકાર તરફથી સહાય મળી રહે તે માટે ધારી તાલુકા સહિત સમગ્ર અમરેલી જીલ્લામાં તાત્કાલીક સર્વે કરાવી સહાય પેકેજ જાહેર કરવા અંગત ભલામણ છે. તેમજ તમામ ખેડુતો અને માલધારીઓના માલઢોરનો કુચો/નિરણ પણ બચેલ ન હોય ખેડુતો અને માલધારીઓના મોઢે આવેલ કોળીયો જુટવાય ગયેલ છે. તેની પણ સહાય ચુકવવા વધારેમાં વધારે સર્વે કરી સહાય ચુકવવા મારી અંગત ભલામણ છે.

# અમરેલી : એ.આર.ટી.ઓ. ટેસ્ટ ટ્રેક આવતીકાલે બંધ રહેશે

અમરેલી, તા. ૩૦

આગામી તારીખ ૧ નવેમ્બર, ૨૦૨૫ શનિવારના રોજ ટેસ્ટ ટ્રેક એ.આઈ. ઈન્સ્ટોલેશનની કામગીરી હેઠળ મેઈન્ટેનન્સમાં હોવાથી બંધ રહેશે તેમ સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી, અમરેલીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# ભમ્મર ગામની નદી સેફટી રેલિંગ નદીના પ્રવાહમાં ગરકાવ



સાવરકુંડલા, તા. ૩૦

સાવરકુંડલા તાલુકાના ભંમર ગામેથી પસાર થતી નદીના પુલ ઉપર રેલિંગ હતી જે માવઠાના અતિ ભારે વરસાદમાં પુર આવતાની સાથે જ પાણીમાં તણાઈ ગઈ છે વાહન વ્યવહારની સલામતી માટે આ પુલની જગ્યા ઉપર કોઈ મોટી દુર્ઘટના ઘટે એ પહેલા તાકીદ રિપેર કરવા લોક માંગ ઉઠવા પામી છે એમ અનિરૂદ્ધ ત્રિવેદીએ એક યાદીમાં જણાવ્યું હતું.

### સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુક્ત ગુજરાત

# અમરેલીમાં સ્વસ્થ સમાજ અને સુખમય જીવનનું માર્ગદર્શન આપતો યોગ સંવાદ કાર્યક્રમ યોજાશે

### નગરજનોને નિઃશુલ્ક કાર્યક્રમમાં જોડાવવા માટે અનુરોધ

અમરેલી, તા. ૩૦

સમગ્ર રાજયમાં સ્વસ્થ જીવનશૈલી અપનાવી અને નાગરિકો સુખાકારીમય જીવન પસાર કરે તેવા ઉદ્દેશ્યથી મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ''સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુકત ગુજરાત'' અભિયાન ચાલી રહ્યું છે. આ કડીના ભાગરૂપે ગુજરાત રાજય યોગ બોર્ડ દ્વારા અમરેલી શહેરમાં આગમી તા.૧ નવેમ્બર, ૨૦૨૫ના રોજ એક યોગ સંવાદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમમાં ગુજરાત રાજય યોગ બોર્ડના ચેરમેન શીશપાલજી દ્વારા વર્ચ્યુઅલ માર્ગદર્શન આપવામાં આવશે. નવા વર્ષમાં સ્વસ્થ સમાજ અને સુખમય જીવન તરફની એક નવી પહેલ અંતર્ગત આ નિશુલ્ક કાર્યક્રમ દ્વારા નગરજનોને સ્વસ્થ અને મેદસ્વિતા મુકત જીવન જીવવા માટે નવી દિશા દર્શાવવામાં આવશે.

આ કાર્યક્રમ શહેરના બી.એ.પી.એસ. હોલ, પ્રમુખ વાટિકા, પોલીસ પરેડ ગ્રાઉન્ડની બાજુમાં બપોરે ૩:૦૦થી ૬:૦૦ કલાકે યોજાશે. કાર્યક્રમમાં સ્થળ પર તેમજ અગાઉથી રજિસ્ટ્રેશન કરરાવી શકાશે. વધુ માહિતી માટે મોબાઈલ નં.૯૦૩૩૩૧૬૮૪૧, ૯૪૨૭૦ ૩૦૨૮૫નો પર સંપર્ક કરી માહિતી મેળવી શકાશે.

### જિલ્લા આરોગ્ય ચેરમેન અશ્વિન કુંજડીયાએ પત્ર પાઠવ્યો

# ધારી : ગોપાટીંબી હનુમાનજી મંદિર નજીક આવેલ તળાવને મોટુ બનાવવા માંગ

### તળાવનુ પાણી ખવાધાર ડેમમાં ભરવા રજુઆત

અમરેલી, તા. ૩૦

અમરેલી જિલ્લા આરોગ્ય સમિતિનાં ચેરમેન અશ્વિન કુંજડીયાએ રાજયમંત્રી કેશિક વેકરિયાને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, ધારી તાલુકાના બોરડી ગામે ગોપાટીંબી હનુમાનજી મંદિર પાસે આવેલ તળાવ મોટું બનાવી તેમાં થયેલ પાણીનો સંગ્રહ ઓવર ફલો થાય ત્યારે કેનાલ દ્વારા ખવાધાર વાળા ડેમ ભરવામાં આવે તો નદીમાં વહિજતુ પાણી બચાવી શકાય જેના કારણે ખેડુતોને ફાયદો થાય તેમ છે. તો આ અંગેની દરખાસ્ત સરકારમાં પેન્ડીંગ છે. જેની સત્વરે મંજુરી મેળવી નિયમાનુસારની ઘટીત કાર્યવાહી છું. આમ કરવાથી દસથી વીસ ગામના ખેડુત અને માલધારીઓને ફાયદો થાય તેમ છે.

રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા–વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયઠઠા
Mo. 93770 03636

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ–મકાન–દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

શિવ ફરસાણ (ધારીવાળા)
સ્પે.નાયલોન ખમણ ખમણ હાજરમાં મળશે. ખજુરની ચટણી સાથે
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

# અમરેલી જિલ્લાનાં હજારો જમીની ખેડૂઓ પરેશાન હોય તે સમયે

# જાફરાબાદનાં સાગરખેડૂઓને પણ કરોડો રૂપિયાનું નુકસાન

**જીવનાં જોખમે દરિયો ખેડીને વિવિધ પ્રકારની મચ્છી સુકવેલ હોય કમોસમી વરસાદથી વ્યાપક નુકસાન**

**વિદેશી હુંડિયામણ કમાઈ આપતાં જમીની અને સાગરખેડૂઓને સરકારે ખુલ્લા મને મદદ કરવી જરૂરી**

**ઔદ્યોગિક રીતે પછાત રહેલ અમરેલી જિલ્લામાં જમીની અને સાગરખેડૂઓ અર્થતંત્ર ચલાવવામાં અગ્રેસર હોય છે**

**જિલ્લામાં સતત અતિવૃષ્ટિ અને વાવાઝોડાથી બંને પ્રકારનાં ખેડૂઓ ચિંતામાં**



જાફરાબાદ, તા. ૩૦

માચ્છીમારી સીઝન દરમિયાન અનેક વખત ચક્રવાત અને ભારે પવનોને કારણે સાગરખેડૂઓ કુદરતી આફત સામે લાચાર બન્યા છે. અનેક વખત (બુમલા) નામની મચ્છી દરિયો ખેડીને લાવ્યા પરંતુ વરસાદી માહોલ વચ્ચે અને ધોધમાર વરસાદ આવતા દોરડા ઉપર સુકવણી કરેલ બોમ્બે ડગ (બુમલા) પલળી જતા સાગરખેડૂ ને કરોડો રૂપિયાનું નુકસાન વેઠવું પડયું છે. આ વર્ષે ગુજરાતના દરિયાકાંઠે માચ્છીમારો માટે સમય અત્યંત મુશ્કેલ સાબિત થયો છે. ૧૫ ઓગષ્ટ ૨૦૨૫ થી શરૂ થયેલી માચ્છીમારી સિઝન દરમિયાન અત્યાર સુધીમાં ત્રણથી ચાર ચક્રવાતો અરબી સમુદ્રમાં સર્જાતા રાજયના હજારો સાગરખેડૂઓને વારંવાર દરિયો છોડવો પડયો છે. હવામાન વિભાગ અને ફિશરીઝ વિભાગ તરફથી સતત ચેતવણીઓ જાહેર થતા જાફરાબાદ તથા અન્ય બંદરો પરની બોટો વારંવાર પરત ફરી છે. જેના કારણે છેલ્લા દોઢથી બે મહિના દરમિયાન સાગરખેડૂની માચ્છીમારીની કામગીરી પણ ઓછી રહી છે. ફળસ્વરૂપે માચ્છીમારોને આવક સંપૂર્ણપણે બંધ થઈ ગઈ છે. જયારે ડીઝલ, બરફ, રાશન, મશીનરી, જાળની જાળવણીનો સામાન, ખલાસીઓના પગાર અને બોમ્બે ડગ (બુમલા) સુકવણી કરતી મહિલાઓની મંજુરી, રિક્ષા તથા ટ્રેક્ટર ચલાવતા ડ્રાઈવરનો પગાર અને ખોરાક જેવા ખર્ચઓ ચાલુ જ રહેતા હોવાને કારણે અનેક નાના અને મધ્યમ દરજજાના માચ્છીમારો આર્થિક ભિંસમાં સપડાયા છે. એક બોટ ૫૦થી ૧૦૦ જણની રોજગારી પૂરી પાડે છે તેવી જ રીતે ૭૦૦થી ૮૦૦ બોટ હજારો લોકોને રોજગારી પૂરી પાડે છે. એજ બોટ આવી કુદરતી આફતથી બંધ થઈ જાય તો રોજગારી પૂરી પાડતી અન્ય બોટ બંધ થવાના આરે હોય આવી કુદરતી આફત સમયે સરકાર દ્વારા સાગરખેડૂને જેવી રીતે ધરતી ખેડૂઓને સહાય ચુકવવામાં આવે છે તેવી જ રીતે સાગરખેડૂઓને પણ ફુલ નહિ પરંતુ ફુલની પાંખડી રૂપે સર્વે કરી સહાય ચુકવવામાં આવે તો જ મત્સ્યોદ્યોગ ટકી શકે તેમ છે. કરોડો રૂપિયાનું વિદેશી હૂંડિયામણ રળી આપનારો મત્સ્યોદ્યોગ આવી કુદરતી આફત સામે સાવ ખાડે જાય તે પહેલા સરકાર સાગરખેડૂઓની વેદના સાંભળે કારણ કે માચ્છીમારી સિઝન ચાલુ કરવા માટે ઘરના અનેક સદસ્ય અને મહિલાઓના દાગીના ગીરવે મૂકીને અને વ્યાજે તથા મકાન ગીરવે મૂકીને સટોસટની બાજી ખેલતા સાગરખેડૂ હવે દેવાદાર બની ગયા છે. જાફરાબાદના બોટ માલિકોમાંથી જાણવા મળેલ કે દરિયો હવે કમાણીનું સાધન નહીં પણ ખોટનું કારણ બની ગયો છે. દરેક ચેતવણી પછી બોટ ખાલી પાછી લાવવી પડે છે જેમાં લાખો રૂપિયાનો ડીઝલ, બરફ અને ખલાસીઓનો પગાર ખર્ચ થાય છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સાગરખેડૂ વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા રાજય અને કેન્દ્ર સરકારને સહાય માટે રજૂઆત કરવામાં આવી છે.


ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશનરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦, પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪


































# બાબરામાં વી. એલ. ગેલાણી વિદ્યાલયના પ્રમુખ કાળુભાઇ ગેલાણીની પુત્રી ચિ. રૂચિની ધામધૂમથી સગાઇ વિધિ સંપન્ન





તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા નિવાસી અ.સૌ. ઈલાબેન તથા કાળુભાઈ શંભુભાઈ ગેલાણી ની સુપુત્રી ચિ. રૂચિ ની ચાંદલા વિધિ જસદણ નિવાસી અ.સૌ. ભાવનાબેન તથા વિઠ્ઠલભાઈ ગોપાભાઈ હિરપરાના સુપુત્ર ચિ. ઉદેશ સાથે તા ૨૬/૧૦/૨૫ ને રવિવાર ના રોજ ધામધૂમથી સંપન્ના થઈ હતી. આ પ્રસંગે રાજયના માજી કેબિનેટ પ્રધાન બાવકુભાઈ ઉંઘાડ તેમજ બાબરા શહેરની શાળાઓના ટ્રસ્ટીઓ શિક્ષકો શહેર અને તાલુકાના સાંમાજિક અને રાજકીય અગ્રણીઓ અને પરિવાર જનો ઉપસ્થિત રહી નવયુગલ ને આશીર્વાદ અને શુભેચ્છાઓ પાઠવી હતી.

### ધારાસભ્ય જનક તળાવીયાની રજુઆત સફળ

## લાઠી : માલવીયા પીપરીયાથી કૃષ્ણગઢ સુધીની નદીને પહોળી અને ઉંડી કરવા ૧૫.૬૬ કરોડ મંજુર

### સમગ્ર પંથકમાં હરિયાળી ઉભી કરવામાં આવશે

લાઠી, તા. ૩૦

લાઠી પંથકમાં જળસંચયની દિશામાં એક મોટું પગલું ભરવામાં આવ્યું છે. લાઠીના માલવીયા પીપરીયા, મતીરાળા અને કૃષ્ણગઢ ગામોની જીવાદોરી સમાન નદીને પહોળી તેમજ ઊંડી ઉતારવા માટે સરકારે રૂ. ૧૫ કરોડ ૬૬ લાખની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. આ નિર્ણયથી સમગ્ર પંથકના ખેડૂતોએ અને સ્થાનિકોમાં આનંદની લાગણી છવાઈ છે.

છેલ્લા ઘણા સમયથી આ વિસ્તારના ખેડૂતો નદીને ઊંડી અને પહોળી કરવાની માંગ કરી રહ્યા હતા, જેથી ચોમાસામાં વહી જતા વરસાદી પાણીનો સંગ્રહ કરી શકાય અને ઉનાળામાં પાણીની સમસ્યા હળવી થઈ શકે. આ માંગને ધ્યાનમાં રાખીને, લાઠીના ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ આ પ્રશ્નને



સરકાર સમક્ષ જોરદાર રીતે રજૂ કર્યો હતો.

જનપ્રતિનિધિની મહેનત અને અથાગ પ્રયાસોને કારણે આ પ્રોજેક્ટને સૈદ્ધાંતિક મંજૂરી મળી છે. રૂ. ૧૫ કરોડ ૬૬ લાખના ખર્ચે થનારા આ કામથી નદીની જળસંગ્રહ ક્ષમતામાં અનેકગણો વધારો થશે. આનાથી માત્ર સિંચાઈ માટે જ નહીં, પરંતુ ભૂગર્ભ જળ સ્તરને ઊંચો લાવવામાં પણ મદદ મળશે, જે સમગ્ર વિસ્તાર માટે લાંબાગાળે અત્યંત ફાયદાકારક સાબિત થશે.

આ અંગે ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ જણાવ્યું હતું કે, અમારી પ્રાથમિકતા ખેડૂતોની સુખાકારી છે. નદી ઊંડી અને પહોળી થવાથી આ વિસ્તારના હજારો ખેડૂતોને સીધો લાભ થશે અને કૃષિ ઉત્પાદનમાં વધારો થશે.

ધારાસભ્ય પણ આ નિર્ણયને આવકારતા કહ્યું હતું કે, આ પ્રોજેક્ટથી લાઠીના ગ્રામીણ અર્થતંત્રને નવી ગતિ મળશે. અમે ખેડૂતોની પડખે છીએ અને તેમના હિત માટે હંમેશા પ્રતિબદ્ધ રહીશું. આ પ્રોજેક્ટનું કામ ટૂંક સમયમાં શરૂ કરવામાં આવશે તેવી આશા છે. આ સમાચારથી સ્થાનિક લોકોમાં ઉત્સાહનો માહોલ છે અને તેઓ આ પહેલને 'જળક્રાંતિ' તરીકે ગણાવી રહ્યા છે.

### પાલિકાનાં શાસનને બદનામ કરવાનાં પ્રયાસનો આક્ષેપ

## ચલાલા પાલિકાનાં પ્રમુખ અને ઉપપ્રમુખની તરફેણમાં ૧૧ નગર સેવકો હોવાનો ખુલાશો

### પ્રમુખ અને ઉપપ્રમુખે જિલ્લા ભાજપ પ્રમુખને પત્ર પાઠવ્યો

ચલાલા, તા. ૩૦

ચલાલા નગરપાલિકામાં ભારતીય જનતા પાર્ટીના જ બહુમતી સભ્યોએ ગઈકાલે નગરપાલિકાના ચીફ ઓફિસરને રૂબરૂ મળી લેખિતમાં અવિશ્વાસ દરખાસ્તનો પસ્તાવ રજુ કરતા. ચલાલા નગર પાલિકાનુ રાજકારણ ગરમાયુ છે. નગરપાલિકામાં ૨૪ એ ૨૪ સભ્યો ભારતીય જનતા પાર્ટીના છે. તેમાંથી વોર્ડ નંબર–૨ ના સદસ્ય મુક્તાબેન કૌશિકભાઈ પરમારે કુલ ૨૦ ભાજપના જ સદસ્યોની સંમતિ વાળી અવિશ્વાસ દરખાસ્ત રજૂ કરેલ હતી. તે અનુસંધાને આજે ચલાલા નગરપાલિકાના મહિલા પ્રમુખ નયનાબેન વનરાજભાઈ વાળા અને ઉપપ્રમુખ પ્રવીણભાઈ બાવચંદભાઈ માલવીયા એ અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખને પત્ર લખી જણાવેલ છે કે અમોને કુલ ૧૧ સદસ્યઓ નુ સમર્થન છે. અને અમો ૧૧ સદસ્ય એકી સાથે છીએ. અને અમો એક પણ સદસ્ય અવિશ્વાસ દરખાસ્ત ની તરફેણ મા નથી. જિલ્લા ભાજપ પ્રમુખ ને પત્ર દ્વાર મોટો ખુલાસો કરતા જણાવ્યું છે કે ગઈકાલે અમારી વિરૂધ્ધમાં નગર પાલિકાના બહુમતી સદસ્યોએ અવિશ્વાસની દરખાસ્ત રજૂ કરેલ છે એ માત્ર જૂઠ્ઠુંતુ છે.

અને વધુમાં જણાવેલ છે કે અમોને નગર પાલિકાના ૧૧ સદસ્યોનું સમર્થન છે. અને અમો બધા એકી સાથે છીએ. તો પછી ૨૦ સભ્યો તેની સાથે કઈ રીતના હોઈ શકે. તેમજ અમો જે રીતના ચલાલા શહેરનો વિકાસ કરી રહ્યા છીએ અને પાર્ટીનું મજબૂતાઈ થી કામ કરી રહ્યા છીએ. જેથી અમારી લોકપ્રિયતા શહેરમાં વધતી જતી હોય. એ સારૂ નહીં લાગતા નગરપાલિકાને અસ્થિર કરવા અને શહેરનો વિકાસ ઢંઘવાનો પ્રયત્નો કરી રહ્યા છે અમો વહેલી તકે નગરપાલિકામાં જનરલ બોર્ડ બોલાવી કોણ કોની સાથે છે તે સાબિત કરી દૂધનું દૂધ અને પાણીનું પાણી કરી આપવાના છીએ. અમો ભારતીય જનતા પાર્ટીના સનિષ્ઠ કાર્યકરો છીએ અમો પાર્ટી સાથે સંકલનમાં રહી પાર્ટીના આદેશ પ્રમાણે કાર્યો કરીશું. તેમ પ્રમુખ અને ઉપપ્રમુખે જણાવેલ છે.

### અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૬૯૫ | ૧૧૦૪ |
| ૨ | ગીરનાર શીંગ | ૮૪૦ | ૧૧૬૪ |
| ૩ | શિંગ મોટી | ૬૭૬ | ૧૨૨૨ |
| ૪ | શિંગદાણા | ૭૦૦ | ૧૨૨૫ |
| ૫ | તલ સફેદ | ૧૧૦૦ | ૨૪૫૦ |
| ૬ | તલ કાળા | ૨૭૧૦ | ૪૪૭૫ |
| ૭ | તલ કાશ્મીરી | ૨૨૭૦ | ૨૨૭૦ |
| ૮ | બાજરો | ૩૦૦ | ૩૨૫ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૩૦ | ૫૭૨ |
| ૧૦ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૭૨ |
| ૧૧ | મકાઈ | ૨૨૨ | ૩૭૦ |
| ૧૨ | મગ | ૮૪૦ | ૧૨૩૦ |
| ૧૩ | અડદ | ૧૧૭૬ | ૧૩૨૦ |
| ૧૪ | ચણા | ૮૧૫ | ૧૦૭૩ |
| ૧૫ | ચણા દેશી | ૯૮૦ | ૯૮૦ |
| ૧૬ | સફેદ ચણા | ૮૫૫ | ૧૦૩૧ |
| ૧૭ | છોલે ચણા | ૧૭૨૦ | ૧૭૯૨ |
| ૧૮ | કપાસ | ૯૯૦ | ૧૫૯૦ |
| ૧૯ | એરંડા | ૧૧૫૦ | ૧૨૬૨ |
| ૨૦ | જીરૂ | ૨૪૯૦ | ૩૩૦૦ |
| ૨૧ | ધાણા | ૧૧૦૦ | ૧૨૯૦ |
| ૨૨ | સોયાબીન | ૬૫૦ | ૮૬૩ |
| ૨૩ | રજકાનું બી | ૪૧૦૦ | ૭૪૦૦ |

### પાના ૧ ઉપરનું ચાલું અમરેલીમાં પાણીની વિતરણ વ્યવસ્થામાં

પાલિકાના વોટરવર્કસના જવાબદાર અધિકારી ચિરાગ ગજેરા સાથે વાતચીત કરતાં જણાવ્યું હતું કે, અમરેલીના હીરકબાગ ખાતે નવી બનાવાયેલ ઓવરટેંક શરૂ કરવામાં આવતાં અમરેલીના માણેકપરા–બી, માણેકપરા–સી, સુખનાથપરા, સરદારનગર, બટારવાડી તથા કથીરીયાપરા જેવા વિસ્તારોમાં આ હીરકબાગ ખાતે પાણી વિતરણ કરવામાં આવે છે અને આ તમામ વિસ્તારોમાં એક બે દિવસોમાં દરરોજ પાણી વિતરણ કરવા માટેની તમામ તૈયારીઓ પુર્ણ કરી દેવામાં આવેલ છે અને બધું પાર ઉતરી જશે તો આ વિસ્તારોમાં એક બે દિવસમાં જ રોજે રોજ પીવાનું પાણી વિતરણ શરૂ કરી દેવામાં આવશે.

આ ઉપરાંત અમરેલીના તરવાડી વિસ્તાર નીચે આવતાં ચિતલ રોડ, માણેકપરા–એ, ચોરાપા તથા બહારપરા વિસ્તારમાં તો ગઈકાલથી ત્રણ દિવસના બદલે એકાંતરા પાણી વિતરણ શરૂ કરી દેવામાં આવતાં અમરેલીના લોકોને પાણી માટે હવેલખાં મારવાનો અંત આવ્યો છે.

આ ઉપરાંત ભકિતનગર વોટરવર્કસ તથા બ્રાહ્મણ સોસાયટી વોટરવર્કસ નીચે આવતાં રહેણાંક વિસ્તારોમાં પણ ચાર પાંચ દિવસે પાણી વિતરણ કરવામાં આવે છે. તેવા વિસ્તારોમાં પણ થોડા દિવસોમાં બે દિવસે પાણી વિતરણ કરી શકાય તે માટે થઈ આયોજન શરૂ કરવામાં આવેલ છે. આમ અમરેલી શહેર ઉપર પાણી માટેની તંગીનો શ્રાપ હતો તેનું નિરાકરણ થઈ જવા પામેલ છે.


સંકુલ KG થી PG
સ્કૂલ કોલેજ હોસ્ટેલ
દિવાળી વેકેશન
નવા પ્રવેશ ચાલુ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળ:- શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ (ગર્લ્સ), ચક્કરગઢ રોડ અમરેલી
ફોન ✓ (૦૨૭૯૨) ૨૩૨૩૨૧ થી ૨૬ -Ad139


### પાના ૮ ઉપરનું ચાલું ખાંભાનાં શિવમ જવેલર્સનાં

જેથી ખાંભામાં શિવમ જવેલર્સ વાળા હિરેનભાઈ ઉર્ફે ચકુ ત્રિભોવનભાઈ સલ્લા (સોની) વર્ષો જુના અને જાણીતા સોની હોય અને તેમની પાસે ઘડામણ સસ્તુ પડશે તેમની પાસે ઘરેણા બનાવી નાખવાનું કહેતા તેમનાં પિતરાઈ ભાઈ અશોકે રોકડા રૂપિયા ૪,૮૦,૦૦૦ ઘરેણા બનાવવા માટે ગત તા. ૨૦/૬/ ૨૫ ના રોજ શિવમ જવેલર્સની દુકાને ગયેલ હતા. ત્યારે હિરેનભાઈએ કહેલ કે હાલ સોનાના ભાવમાં વધારો ઘટાડો થતો રહેતો હોય છે જેથી સોનાનું બિસ્કીટ ખરીદી લ્યો અને હું સોનાના દાગીના બનાવી આપીશ તેવુ સોનીએ કહેલ હતું.

ત્યારબાદ ૧૦૦ ગ્રામનું બિસ્કિટ લેવાનું નક્કી થયેલ જેથી ૧૦૦ ગ્રામ બિસ્કિટના રૂપિયા ૯,૬૦,૦૦૦ રોકડા આપવાનું સોનીએ કહેતા રોકડા પૈસા ભાભલુભાઈ પાસે હાજર ન હોય જેથી ચેક સોનીને આપેલ હતો. સોનીએ દસેક દિવસમાં સોનાનું બિસ્કિટ બનાવવાનો મને વાયદો આપેલ હતો.

બાદમાં સોનીએ એક ૫૦ ગ્રામ સોનાનું બિસ્કિટ આપેલ અને બીજુ સોનાનું બિસ્કિટ ત્યારપછી બનાવી આપવાનું કહેલ. પરંતુ બાકીનું સોનું નહી આપતા અવાર–નવાર બાકી નિકળતા સોનાના બિસ્કિટ માટે તેમની પાસે ઉઘરાણી કરતા સોની ખોટા વાયદાઓ આપી બિસ્કિટ આપેલ નહી અને પોતાની દુકાન તેમજ ફોન બંધ કરી હિરેનભાઈ સોની કયાક જતાં રહેલ છે. તેથી આરોપી હિરેનભાઈ સોની રૂપિયા ૪,૮૦,૦૦૦ ચેકથી લઈ અને સોનું નહીં આપી છેતરપીંડી કરી નાસી ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

### પાના ૮ ઉપરનું ચાલું રાજુલાનાં ધારેશ્વર ગામ નજીક

પિન્ટુભાઈ વિગેરે ડુબી રહેલા હિંમતભાઈને બચાવવા જતા તેઓ પણ પાણીના પ્રવાહમાં ડુબી જઈ તણાય ગયા હતા.

આ બનવાની જાણ થતાં જ રાજુલા મામલતદાર અને રાજુલા પોલીસની ટીમ ઘટના સ્થળે દોડી જઈ બચાવ કામગીરી હાથ ધરેલ હતી અને પાણીમાં તણાયેલા ચારેય ઈસમોની શોધખોળ આદરી હતી અને અમરેલી ફાયર ટીમ તથા એન.ડી.આર.એફ.ની મદદ લેવામાં આવી હતી.

ગઈકાલ સવારે એન.ડી.આર.એફ. તથા અમરેલી ફાયર ટીમે આ બચાવ કામગીરીમાં જોડાતા ગઈકાલ વ્હેલી સવારે મેરામભાઈ ખીમાભાઈ પરમારનો મૃતદેહને પાણીમાંથી બહાર કાઢી પોસ્ટમોર્ટમ માટે સોંપી આપેલ હતો. જયારે ગઈકાલે બપોરના સમયે વધુ એક મૃતદેહ પીન્ટુભાઈ પાંચાભાઈ વાઘેલાનો બનાવ સ્થળથી લગભગ ૮ કી.મી.દુર ઝાપોદર ગામના પાદરમાંથી મળી આવેલ હતો. પરંતુ ગઈકાલ રાત્રે રાજુલા–જાફરાબાદ પંથકમાં ધોધમાર વરસાદ શરૂ થતાં અને નદીમાં પાણીનો પ્રવાહ વધી જતાં અમરેલી ફાયર ટીમની બોટમાં પાણી ભરાય જવાથી કામગીરીમાં વિક્ષેપ ઉભો થયો હતો. પરંતુ આજે સવારે ફરી એક વખત ફાયર ટીમ દ્વારા ચાલું વરસાદમાં પણ બચાવ કામગીરી શરૂ કરતા આજે સવારે કાનાભાઈ ખીમાભાઈ પરમાર તથા ભરત ખીમાભાઈ પરમારનો મૃતદેહ મળી આવ્યો છે. ત્યારે એક જ પરિવારમાં ચાર ચાર લોકોના ડુબી જવાથી મોત નિપજતા મૃતકના પરિવારમાં ભારે ગમગીની છવાય જવા પામેલ છે.

આ બચાવ કામગીરીમાં સતત બે દિવસથી અમરેલી ફાયર ટીમના ઈન્ચાર્જ ફાયર ઓફિસર એચ.પી. સરતેજાની આગેવાની નીચે ફાયર સ્ટાફના સાગરભાઈ પુરોહિત, સવજીભાઈ ડાભી, પ્રવીણભાઈ ચૌહાણ, ભગતસિંહ ગોહિલ, ભુરીયા જગદીશ, ગાભવા મિલનભાઈ, ધર્મેશ જુવાદરીયા તથા ગઢવી હર્ષપાલ સહિતના સ્ટાફે જહેમત ઉઠાવી હતી.

### બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૫૦ | ૧૫૯૦ |
| ૨ | ઘઉં લોકવન | ૪૩૦ | ૫૩૦ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૨૯ |
| ૪ | ચણા | ૯૦૦ | ૧૦૩૧ |
| ૫ | ચણા સફેદ | ૯૨૫ | ૧૦૩૧ |
| ૬ | મગ | ૯૯૦ | ૧૦૦૦ |
| ૭ | અડદ | ૭૫૫ | ૧૧૦૦ |
| ૮ | ધાણા | ૧૨૯૫ | ૧૩૫૧ |
| ૯ | લસણ | ૨૫૦ | ૫૫૧ |
| ૧૦ | સોયાબીન | ૫૦૦ | ૮૨૦ |
| ૧૧ | તલ સફેદ | ૧૦૦૦ | ૧૭૫૦ |
| ૧૨ | શીંગફાડા | ૮૯૫ | ૯૫૨ |
| ૧૩ | મગફળી | ૬૯૦ | ૮૫૦ |

### ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ એ | ૧૩૮૫ | ૧૪૯૬ |
| ૨ | કપાસ કોડી | ૧૧૩૫ | ૧૧૩૫ |
| ૩ | મગફળી | ૭૪૦ | ૯૩૬ |
| ૪ | ઘઉં | ૪૨૫ | ૪૨૫ |

### રાજકીય, સામાજિક અગ્રણી રામદેવસિંહ ગોહિલની રજુઆત અન્વયે

## સાવરકુંડલા શહેરની મધ્યમાં આવેલ કિંમતી જમીન શરત ભંગ બદલ શ્રી સરકાર દાખલ

### શ્રી સરકાર થયેલ જમીનનો જનતાનાં હિતમાં ઉપયોગ કરાશે

સાવરકુંડલા, તા. ૩૦

અમરેલી જિલ્લાના સાવરકુંડલા શહેરની મધ્યમાં આવેલ સર્વે નંબર ૩૯૩/૧ પૈકી ૩૩ની જમીન સાવરકુંડલાના રહેવાસી મનુભાઈ બચુભાઈ શેખડાને તારીખ ૨૪/૧૨/૧૯૮૨થી નાયબ કલેકટર મહુવાના હુકમથી વૃક્ષ ઉછેર માટે ભાડાપટ્ટે ફાળવવામાં આવેલ હતી. તેનો ભાડાપટ્ટો પૂરો થયેથી તારીખ ૮/૧/૨૦૧૬ના હુકમથી વધુ દસ વર્ષ એટલે કે તારીખ ૨૩/૧૨/૨૦૨૨ સુધી લંબાવી આપેલ હતો. પરંતુ આ જમીનના પટ્ટેદાર મનસુખભાઈ બચુભાઈ શેખડાનું તારીખ ૧૪/૭/૨૦૧૯ના રોજ અવસાન થયેલ હોય, તેમજ આ જમીનનો ભાડાપટ્ટો તારીખ ૨૩/૧૨/૨૦૨૨ના રોજ પૂરો થતો હોય અને આ જમીનમાં ફળ ફૂલ ઉછેરને બદલે ખેતીલાયક ઉત્પાદન કરી નફો કરવામાં આવતો હોય, સરકારના ભાડાપટ્ટાની શરતોનો ભંગ થતાં મહે. કલેકટર અમરેલી દ્વારા ગત તારીખ ૨૦/૫/૨૦૨૫ના રોજ આ જમીનમાં સરકાર દાખલ કરી, ખાલસા કરી, મામલતદાર સાવરકુંડલાને કબજો સંભાળી લેવા હુકમ કરેલ છે.

સાવરકુંડલાના રાજકીય–સામાજિક અગ્રણી રામદેવસિંહ ગોહિલ દ્વારા ગત તારીખ ૬/૧૦/૨૦૨૩ના રોજ જાહેર હિત અન્વયે આ જમીનમાં શરત ભંગ થતો હોય સરકાર હસ્તક પરત લેવા મહે. કલેકટર અમરેલીને લેખિતમાં રજૂઆત કરેલ હતી જે અન્વયે કલેકટર દ્વારા તારીખ ૨૦/૫/૨૦૨૫ના રોજ આ શરતભંગ વિરૂદ્ધ કાર્યવાહી કરવામાં આવેલ છે.

મહે. કલેકટર અમરેલી દ્વારા આજે જમીન ખાલસા કરવામાં આવી છે તે સર્વે નંબર ૩૯૩/૧ પૈકી ૩૩ જે ૧૨ વીઘા જેટલી જમીન છે, તે સાવરકુંડલા શહેરની મધ્યમાં કાણકીયા કોલેજ પાછળ આવેલ આનંદ પાર્ક સોસાયટીની બાજુમાં જ આવેલ છે, એટલે આ જમીનની કિંમત કરોડો રૂપિયામાં થાય છે, જેથી આ કરોડો રૂપિયાની કિંમતની જમીનમાં સરકાર દાખલ થતા ભવિષ્યમાં આ જમીનમાં કોઈ સરકારી આવાસ યોજના કે અન્ય કોઈ સરકારી કામકાજ માટે ઉપયોગી બની રહેશે. આમ સાવરકુંડલાના રાજકીય–સામાજિક અગ્રણી રામદેવસિંહ ગોહિલ દ્વારા આવા જાહેર હીતના કાર્યને સફળ કરી ખરા અંશેલોક સેવા સાર્થક કરેલ છે, કેમ કે આ જમીનમાં પટ્ટેદાર મનસુખભાઈ બચુભાઈ શેખડાનું અવસાન થયેલ છે, અને તેના વારસદારો સુરત અને કેનેડા મુકામે ખૂબ જ સારી આર્થિક સ્થિતિમાં છે. જેથી તેઓને આ જમીનના ભાડા પટ્ટાની કોઈ જરૂરિયાત રહેતી નથી, અને આ જમીન સરકાર હસ્તે જવાથી સરકાર દ્વારા આ જમીનનો સદ્‌ઉપયોગ કરી જાહેર જનતાના લાભાર્થે ઉપયોગી બની રહેશે.

### ''રાષ્ટ્રીય એકતા દિવસ''ની ઉજવણી અંતર્ગત

## અમરેલી જિલ્લા કલેકટરના અદયક્ષ સ્થાને અધિકારીઓ અને કર્મયોગીઓએ શપથ ગ્રહણ કર્યા

### જિલ્લાની વિવિધ કચેરીઓમાં અધિકારીઓ અને કર્મયોગીઓએ શપથ ગ્રહણ કર્યા



અમરેલી, તા. ૩૦

લોહપુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલના જન્મદિવસ ૩૧ ઓક્ટોબરની દેશભરમાં ઉત્સાહપૂર્વક ''રાષ્ટ્રીય એકતા દિવસ'' તરીકે ઉજવણી કરવામાં આવે છે. આ પર્વની ઉજવણીના ભાગરૂપે રાજયની તમામ સરકારી કચેરીઓમાં ''રાષ્ટ્રીય એકતા દિવસ શપથ'' લેવામાં આવ્યા હતા. અમરેલી જિલ્લામાં જિલ્લા કલેક્ટર કચેરી ખાતે કલેક્ટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષ સ્થાને અધિકારીઓ અને કર્મયોગીઓએ શપથ ગ્રહણ કર્યા હતા.

જિલ્લાની વિવિધ જિલ્લા મથકની અને તાલુકા મથકની કચેરીઓમાં પણ સંલગ્ન અધિકારીઓ અને કર્મયોગીઓએ શપથ ગ્રહણ કરી દેશની એકતા, અખંડિતા, સુરક્ષા જાળવી રાખવા માટે સમર્પિત થવાનો સંકલ્પ લીધો હતો.

''અમરેલી એકસપ્રેસ''
**અમારૂ ઇ–મેઇલ એડ્રેસ**
''અમરેલી એકસપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે, ઇ–મેઇલ એડ્રેસ
**amreliexpress7@gmail.com**
પર ફોટોગ્રાફસ મોકલવા.
''અમરેલી એકસપ્રેસ'' દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.


### લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૯૯ | ૧૫૧૬ |

### ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૪૫૦ | ૧૫૫૧ |
| ૨ | જુવાર સફેદ | ૮૫૧ | ૮૫૧ |

૧૫૦ મી જન્મજયંતી નિમિતે
શ્રી સરદાર વલ્લભભાઈ પટેલને કોટિ-કોટિ વંદન
"કરવું તો જીવવું નહીં, જીવવું તો કરવું નહીં"
"સૌના સરદાર"
સરદાર સાહેબે અખંડ ભારતનું નિર્માણ કર્યુ, આપણે સૌ જ્ઞાતિ-જાતીનાં વાડા નાબુદ કરી શ્રેષ્ઠ ભારત બનાવીએ.
... વંદનકર્તા ...





શ્રી પ્રવિણભાઈ કરકર
પ્રમુખશ્રી




શ્રી અંકુરભાઈ જસાણી
ઉપપ્રમુખશ્રી



શ્રી અશ્વિનભાઈ મકવાણા
ચેરમેન : કારોબારી સમિતિ
નગરપાલિકા - બાબરા

# સાવરકુંડલા : ડો. ઉષાકાંત વોરા એક પ્રતિષ્ઠિત સેવાભાવી તબીબની જીવન યાત્રા



As a Commanding Officer Home Gards Savarkundla



Presenting Savarkundla 's weing scale to Governer as a Lion's Club President.

સાવરકુંડલા, તા. ૩૦

સંસ્કારી અને ધર્મપરાયણ નાગર બ્રાહ્મણ કુળના મુળ માંગરોળના વતની, મુંબઈ વસતા માતુશ્રી ઈન્દુબેન અને શિવશંકરભાઈ વોરાના ઘરે તારીખ ૧૨/૦૧/૧૯૩૦ (સ્વામી વિવેકાનંદજીના જન્મદિવસે) જન્મેલા ડોકટર ઉષાકાન્તભાઈ વોરાની સુદિર્ઘ યાત્રા એક અમુલ્ય પ્રેરણાદાયી સંભારણું છે. આર્થિક મુશ્કેલીઓ, અગવડતાઓ હોવા છતાં તેઓ એક સફળ ડોકટર બન્યા, સાથે લાયન્સ કલબના પ્રેસિડેન્ટ, હોમગાર્ડમાં ચીફ કમાન્ડિંગ ઓફિસર બન્યા, આઈ એમ એ, જેવી સંસ્થાઓમાં સંકળાયા. સંગીતની સાધના એમનો જીવનમંત્ર રહ્યો અને તેમાં પણ તેઓ 'વિશારદ' બની, તેનુ જીવનમાં અતૂટ સ્થાન રાખ્યું. ડોકટર હિરાબેન સાથેના ૭૫ વર્ષના સફળ દાંપત્ય જીવનને દિપાવ્યુ.

આર્થિક નબળા કે કોઈપણ પ્રકારની તકલીફમાં રહેલા લોકોને મદદરૂપ થવાય તેવી ભાવના ધરાવતા હોવાથી ગરીબોના બેલી તરીકે ઓળખાયા. આધુનિક દવાઓ અને ઉપાયો વિષેનુ વાંચન અંત સુધી સતત ચાલુ રાખીને દર્દીઓની નિસ્વાર્થ અને નજીવા શુલ્કથી સેવા કરી. સાથે આધ્યાત્મિક વલણને કેન્દ્રિત સ્થાન આપ્યુ. પ્રસિધ્ધીથી દૂર રહીને ભગવાનને ગમતું કરવાની જેમણે પ્રેરણા ૫૦ વર્ષ પહેલાં આપેલી તેવા પરમ પૂજય દાદાજી, 'શ્રી પાંડુરંગ શાસ્ત્રીજી આઠવલે'ના કંડારાયેલા પથ પર અક્ષર સહ અનુસરીને રાજકોટ, ભાવનગર અને અમરેલીના તમામ જીલ્લાઓમાં ઘૂમી ફરી વળીને પૂજય દાદાજીના અત્યંત નીકટનું અને આત્મિયનુ સ્થાન પામેલાં. ષિની જેમ જ ગામડાંઓમાં ફરીને પ્રભુના વિચારો લોકો સુધી પહોંચાડવાનુ કાર્ય ૯૬ વર્ષે પણ પોતાની ફરજ સમજીને કર્યુ. "પ્રભુનાં અગણિત ઉપકાર છે, પોતાનું શરીર જ મંદિર છે, પ્રભુ કાર્ય માટે એક પગલુ ઉપાડ, પ્રભુ સાથે જ છે,.." આવી અનન્ય ભાવે સમજણ આપી. સકારાત્મક વલણ અપનાવી સદગુણો જીવી બતાવ્યા. આવા ઋષિ સમાન પૂજનીયને શ્રદ્ધાંજલી અને ભાવાંજલિ આપવા શબ્દો ટૂંકા પડે. આ દિવ્ય આત્માને ભગવાન યોગે ૨ અને કામનાથ મહાદેવ તેમના ચરણોમાં સ્થાન આપે તેવી પ્રાર્થના.

# રાજુલા પૂજય બાપાની ૨૨૬મી જન્મ જયંતી ધામધૂમથી ઉજવવામાં આવી

રાજુલા, તા. ૩૦

રાજુલા શહેરમાં પૂજય જલારામ બાપાની ૨૨૬ મી જન્મ જયંતિ ધામધૂમથી ઉજવવામાં આવી દર વર્ષની માફક આ વર્ષે પણ વિરોધ કાર્યક્રમનુ આયોજન કરવામાં આવેલુ જેમાં શોભાયાત્રા લોહાણા મહાજન વાડીસી શરૂ કરવામાં આવેલી અને જે જલારામ મંદિરે પૂર્ણ કરવામાં આવેલી તેમજ બપોરના મહા આરતી તેમજ અન્નકૂટના દર્શન રામ ધુન અને હનુમાન ચાલીસાના કાર્યક્રમ સહિતના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલુ હતું તેમજ દર વર્ષની માફક બપોરના અને સાંજના બંને સમયે મહાપ્રસાદનું આયોજન પણ કરવામાં આવેલ તેમજ આ કાર્યક્રમમાં જલારામ જયંતિના દિવસે બંને ટાઈમની પ્રસાદી ગૌ.વા. વિનોદરાય હરિલાલ ગઢીયા તેમજ જશુમતીબેન વિનોદરાય ગઢીયા પરિવાર તરફથી રાખવામાં આવેલ.



શોભાયાત્રા દરમિયાન ગુંદીની પ્રસાદી નાનાલાલ મોહનલાલ ગઢીયા પરિવાર તરફથી રાખવામાં આવેલ. જલારામજયંતીના દિવસે સવારનો નાસ્તો ગ.સ્વ. જીવીબેન ચત્રભુજભાઈ રાયચા પરિવાર તરફથી રાખવામાં આવેલ. સમગ્ર દાતાઓનું રાજુલા લોહાણા મહાજન તેમજ જલારામ સેવા મંડળ દ્વારા સન્માન કરવામાં આવેલું શોભયાત્રા દરમિયાન રાજુલાના પૂર્વ ધારાસભ્ય અમરીશ ડેરે પણ દર્શનનો લાભ લીધેલો.

# અમરેલી જિલ્લા રોડ સેફટી કાઉન્સિલની બેઠક યોજાઈ

અમરેલી, તા. ૩૦

અમરેલી જિલ્લા નિવાસી અધિક કલેકટર દિલિપસિંહ ગોહિલના અદયક્ષ સ્થાને જિલ્લા માર્ગ સલામતી સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં નિવાસી અધિક કલેક્ટરે અમરેલી જિલ્લાની માર્ગ સલામતીની વિવિધ કામગીરી બાબતે વિસ્તૃત સમીક્ષા હાથ ધરી હતી.

બેઠકમાં સ્પીડ લિમિટ, નિયમ મુજબનાં સાઈનેઝ બોર્ડ લગાવવા, વૃક્ષનું યોગ્ય સમયે ટ્રીમીંગ કરાવવું, સ્પીડ બ્રેકર, રમ્બલ સ્ટ્રીપ, શેવરોન બોર્ડ, કેટ આઈઝ વગેરેનો ઉપયોગ કરી રોડ અકસ્માત ઘટાડવા રોડ એન્જિનીયરીંગને લગત પગલાં લેવા બાબતે સંબંધિત અધિકારીઓ સાથે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

વડીયા તાલુકામાં ચોકડી ચાર રસ્તાથી મોટી કુંકાવાવ સુધીના રોડ પર રીસરફેસીંગ કામગીરી પ્રગતિ તળે છે. સાવરકુંડલા-ભુવા-દામનગર રોડ પર સ્પીડબ્રેકર, થર્મોપ્લાસ્ટના પટ્ટા તેમજ રોડ સેફટી લગત પગલા સહિતની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.

સપ્ટેમ્બર-૨૦૨૫ દરમિયાન અમરેલી જિલ્લા પોલીસ દ્વારા ટ્રાફીક લગત વિવિધ કામગીરી કરવામાં આવી હતી. જેમાં હેલ્મેટ, સીટ બેલ્ટ, રીફલેક્ટર, પી.યુ.સી. સહિતની બાબતોને લઈને કાર્યવાહી કરવામાં આવી હતી. ઉપરાંત દંડ પણ કરવામાં આવ્યો હતો. વાહન ચલાવતી વખતે મોબાઈલ ફોનનો ઉપયોગ, અતિશય ઝડપે વાહનચલાવવું વગેરે બાબતોને લઈને જનજાગૃત્તિલક્ષી કાર્યક્રમો પણ સમયાંતરે યોજવામાં આવી રહ્યા છે.

વાહન ચાલકો જાગૃત્ત બની વાહન ચલાવતી વખતે હેલ્મેટ પહેરે, સીટબેલ્ટ બાંધે તે જરૂરી છે. જિલ્લામાં અકસ્માત ન સર્જાય તે માટે વાહન ચાલકો પણ વધુ સ્પીડે વાહન ન ચલાવે તે જરૂરી છે.

માર્ગ સલામતી માટે અમરેલી જિલ્લાના વિવિધ રસ્તા પર આવશ્યકતા મુજબ જરૂરી સૂચનાઓ સાથેના સાઈન બોર્ડ, સ્પીડ બ્રેકર, સ્પીડ લિમિટ દર્શાવતા બોર્ડ, રેડિયમ, માર્કિંગ પટ્ટા, બેરિયર લગાવવાની કામગીરીને નિયમિત રીતે થાય તે માટે નિવાસી અધિક કલેક્ટરે જરૂરી દિશાનિર્દેશો આપ્યા હતા. માર્ગ સલામતી માટે વિવિધ કચેરીઓ દ્વારા થયેલી કામગીરીની સંકલિત વિગતો સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી મીત શાહે પ્રેઝન્ટેશનના માધ્યમથી રજૂ કરી હતી.

અમરેલી જિલ્લા સેવા સદન ખાતે યોજાયેલ આ બેઠકમાં, લાઠી બાબરા-પ્રાંત અધિકારી બ્રહ્મભટ્ટ, બગસરા પ્રાંત અધિકારી નંદા, ધારી પ્રાંત અધિકારી, જિલ્લા શિક્ષણાધિકારી ગોહિલ, રાજય અને પંચાયત માર્ગ અને મકાન, પોલીસ, આરોગ્ય, નેશનલ હાઈ-વે ઓથોરિટી સહિત વિવિધ કચેરીના અધિકારીઓ અને કર્મચારીઓ સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

૧૫૦મી જન્મજયંતી નિમિતે
શ્રી સરદાર વલ્લભભાઈ પટેલને કોટિ-કોટિ વંદન
"કરવું તો જીવવું નહીં, જીવવું તો કરવું નહીં"
"સૌના સરદાર"
સરદાર સાહેબે અખંડ ભારતનું નિર્માણ કર્યુ, આપણે સૌ જ્ઞાતિ-જાતીનાં વાડા નાબુદ કરી શ્રેષ્ઠ ભારત બનાવીએ.
... વંદનકર્તા ...
Hero
શ્રી ભરતભાઈ રાદડીયા
બંસીધર - હીરો - બાબરા
મુ. બાબરા, જી. અમરેલી.

૧૫૦મી જન્મજયંતી નિમિતે
શ્રી સરદાર વલ્લભભાઈ પટેલને કોટિ-કોટિ વંદન
"કરવું તો જીવવું નહીં, જીવવું તો કરવું નહીં"
"સૌના સરદાર"
સરદાર સાહેબે અખંડ ભારતનું નિર્માણ કર્યુ, આપણે સૌ જ્ઞાતિ-જાતીનાં વાડા નાબુદ કરી શ્રેષ્ઠ ભારત બનાવીએ.
... વંદનકર્તા ...
શ્રી બાવાલાલ હિરપરા
અગ્રણી : પટેલ સમાજ બાબરા
શ્રી ભરતભાઈ હિરપરા
ત્રિવેણી વોટર્સ - બાબરા
મુ. બાબરા, જી. અમરેલી.

૧૫૦મી જન્મજયંતી નિમિતે
શ્રી સરદાર વલ્લભભાઈ પટેલને કોટિ-કોટિ વંદન
"કરવું તો જીવવું નહીં, જીવવું તો કરવું નહીં"
"સૌના સરદાર"
સરદાર સાહેબે અખંડ ભારતનું નિર્માણ કર્યુ, આપણે સૌ જ્ઞાતિ-જાતીનાં વાડા નાબુદ કરી શ્રેષ્ઠ ભારત બનાવીએ.
... વંદનકર્તા ...
શ્રી અરવિંદભાઈ ધોળકીયા
શ્રી સુરેશભાઈ વસ્તરપરા
શ્રી બુટભવાની બેકરી
મુ. બાબરા, જી. અમરેલી.

૧૫૦ મી જન્મજયંતિ નિમિતે
શ્રી સરદાર વલ્લભભાઈ પટેલને કોટિ-કોટિ વંદન
"કરવું તો જીવવું નહીં, જીવવું તો કરવું નહીં"
"સૌના સરદાર"
સરદાર સાહેબે અખંડ ભારતનું નિર્માણ કર્યુ, આપણે સૌ જ્ઞાતિ-જાતીનાં વાડા નાબુદ કરી શ્રેષ્ઠ ભારત બનાવીએ.
... વંદનકર્તા ...
શ્રી વિવેકભાઈ સાકરીયા
સરપંચશ્રી
થોરખાણ ગ્રામ પંચાયત
મુ. થોરખાણ, તા.બાબરા, જિ.અમરેલી

૧૫૦ મી જન્મજયંતિ નિમિતે
શ્રી સરદાર વલ્લભભાઈ પટેલને કોટિ-કોટિ વંદન
"કરવું તો જીવવું નહીં, જીવવું તો કરવું નહીં"
"સૌના સરદાર"
સરદાર સાહેબે અખંડ ભારતનું નિર્માણ કર્યુ, આપણે સૌ જ્ઞાતિ-જાતીનાં વાડા નાબુદ કરી શ્રેષ્ઠ ભારત બનાવીએ.
... વંદનકર્તા ...
સમસ્ત વઘાસીયા પરિવાર
દિવ્યધામ વલારડી
મુ.વલારડી, તા.બાબરા, જિ.અમરેલી

૧૫૦મી જન્મજયંતી નિમિતે
શ્રી સરદાર વલ્લભભાઈ પટેલને કોટિ-કોટિ વંદન
"કરવું તો જીવવું નહીં, જીવવું તો કરવું નહીં"
"સૌના સરદાર"
સરદાર સાહેબે અખંડ ભારતનું નિર્માણ કર્યુ, આપણે સૌ જ્ઞાતિ-જાતીનાં વાડા નાબુદ કરી શ્રેષ્ઠ ભારત બનાવીએ.
... વંદનકર્તા ...
શ્રી કાળુભાઈ ગેલાણી પ્રમુખ
વી.એલ. ગેલાણી વિદ્યાભવન - બાબરા
મુ. બાબરા, જી. અમરેલી.

૧૫૦ મી જન્મજયંતી નિમિતે
શ્રી સરદાર વલ્લભભાઈ પટેલને કોટિ-કોટિ વંદન
"કરવું તો જીવવું નહીં, જીવવું તો કરવું નહીં"
"સૌના સરદાર"
સરદાર સાહેબે અખંડ ભારતનું નિર્માણ કર્યુ, આપણે સૌ જ્ઞાતિ-જાતીનાં વાડા નાબુદ કરી શ્રેષ્ઠ ભારત બનાવીએ.
... વંદનકર્તા ...
શ્રી નરેશભાઈ દેસાઈ
ડિરેકટર : નાગરીક સહકારી બેંક - બાબરા
શ્રી હિતેશભાઈ દેસાઈ
ઉમા રેસ્ટોરન્ટ - બાબરા
મુ. બાબરા જિ.અમરેલી

૧૫૦ મી જન્મજયંતિ નિમિતે
શ્રી સરદાર વલ્લભભાઈ પટેલને કોટિ-કોટિ વંદન
"કરવું તો જીવવું નહીં, જીવવું તો કરવું નહીં"
"સૌના સરદાર"
સરદાર સાહેબે અખંડ ભારતનું નિર્માણ કર્યુ, આપણે સૌ જ્ઞાતિ-જાતીનાં વાડા નાબુદ કરી શ્રેષ્ઠ ભારત બનાવીએ.
... વંદનકર્તા ...
શ્રી જગદીશભાઈ વિરોજા
(માજી સરપંચશ્રી)
શ્રી બીપીનભાઈ માંગરોળીયા (માજી સરપંચશ્રી)
કુંવરગઢ ગ્રામ પંચાયત કચેરી
મુ.કુંવરગઢ, તા.બાબરા જિ.અમરેલી

૧૫૦ મી જન્મજયંતિ નિમિતે
શ્રી સરદાર વલ્લભભાઈ પટેલને કોટિ-કોટિ વંદન
"કરવું તો જીવવું નહીં, જીવવું તો કરવું નહીં"
"સૌના સરદાર"
સરદાર સાહેબે અખંડ ભારતનું નિર્માણ કર્યુ, આપણે સૌ જ્ઞાતિ-જાતીનાં વાડા નાબુદ કરી શ્રેષ્ઠ ભારત બનાવીએ.
... વંદનકર્તા ...
ડો. રાહુલ ચોવટીયા
ચોવટીયા હોસ્પિટલ
ચિતલ રોડ - બાબરા
મુ.બાબરા જિ.અમરેલી

૧૫૦મી જન્મજયંતી નિમિતે
શ્રી સરદાર વલ્લભભાઈ પટેલને કોટિ-કોટિ વંદન
"કરવું તો જીવવું નહીં, જીવવું તો કરવું નહીં"
"સૌના સરદાર"
સરદાર સાહેબે અખંડ ભારતનું નિર્માણ કર્યુ, આપણે સૌ જ્ઞાતિ-જાતીનાં વાડા નાબુદ કરી શ્રેષ્ઠ ભારત બનાવીએ.
... વંદનકર્તા ...
શ્રી ભાર્ગવભાઈ ભડાણીયા
મેનેજીંગ ટ્રસ્ટી :શ્રી વિવેકાનંદ વિદ્યાલય - બાબરા.
મુ. બાબરા, જી. અમરેલી.

૧૫૦ મી જન્મજયંતી નિમિતે
શ્રી સરદાર વલ્લભભાઈ પટેલને કોટિ-કોટિ વંદન
"કરવું તો જીવવું નહીં, જીવવું તો કરવું નહીં"
"સૌના સરદાર"
સરદાર સાહેબે અખંડ ભારતનું નિર્માણ કર્યુ, આપણે સૌ જ્ઞાતિ-જાતીનાં વાડા નાબુદ કરી શ્રેષ્ઠ ભારત બનાવીએ.
... વંદનકર્તા ...
શ્રી દયાબેન જીવનભાઈ પીઢડીયા
સરપંચશ્રી : ચમારડી ગ્રામ પંચાયત
શ્રી જીવનભાઈ વેલાભાઈ પીઢડીયા
અગ્રણી : તાલુકા ભાજપ - બાબરા
મુ. ચમારડી, તા.બાબરા, જિ.અમરેલી

### જિલ્લા મેજિસ્ટ્રેટનાં વોરંટનાં આધારે

# બગસરાનાં મોટા મુંજીયાસરનાં ભયજનક વ્યકિતની ''પાસા'' હેઠળ અટકાયત કરી

## પાલનપુર જિલ્લા જેલ ખાતે મોકલી દેવાયા



અમરેલી, તા. ૩૦

બગસરા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ. આઈ.જે. ગીડાએ શરીર સબંધી ગુનાઓ કરવાની ટેવવાળા ભયજનક ઈસમ અમીત લાલજીભાઈ રાઠોડ (રહે. મોટા મુંજીયાસર) વિરૂધ્ધ પુરાવાઓ એકઠાં કરી, પાસા દરખાસ્ત તૈયાર કરી, પોલીસ અધિક્ષક મારફત જિલ્લા મેજિસ્ટ્રેટ અમરેલી તરફ મોકલી આપેલ હતી.

આ વ્યકિતની સમાજ વિરોધી અસામાજીક પ્રવૃતિ ઉપર અંકુશ લાવવાનું જરૂરી જણાતાં અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટ વિકલ્પ ભારદ્વાજ દ્વારા ઉપરોકત ઈસમ વિરૂધ્ધ પાસાનું વોરંટ ઈસ્યુ કરતાં અમરેલી એલ.સી.બી. તથા બગસરા પોલીસ ટીમ દ્વારા અમીત લાલજીભાઈ રાઠોડને પાસા વોરંટની બજવણી કરી પાલનપુર જિલ્લા જેલ ખાતે અટકાયતમાં કરી મોકલી આપેલ છે.

### ગ્રાહક પાસેથી રૂપિયા લઈ સોનુ ન આપીને

# ખાંભાનાં શિવમ જવેલર્સનાં સંચાલકે રૂપિયા ૪.૮૦ લાખની છેતરપીંડી કરી

## સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી સંચાલકની શોધખોળ આદરી

અમરેલી, તા. ૩૦


ખાંભા ગામે ભગવતીપરામાં રહેતા ભાભલુભાઈ પોપટભાઈ સોલંકીના સુરત ગામે રહેતા પિતરાઈ ભાઈ અશોકભાઈ માંડણભાઈ સોલંકીના પુત્ર તથા પુત્રીના લગ્ન કરવાના હોય જેના માટે ઘરેણા બનાવવાના હોય.

અનુસંધાન પાના ૬ ઉપર

### અગાઉ ૨ મૃતદેહ મળ્યા બાદ વધુ ૨ મૃતદેહ મળી આવ્યા

# રાજુલાનાં ધારેશ્વર ગામ નજીક પાણીનાં પ્રવાહમાં ડૂબી ગયેલ ૪ વ્યકિતઓ પૈકી ૨ નાં મૃતદેહ મળી આવ્યા

## મૃતક બર્બટાણા ગામનાં હોય ગામમાં શોકનો માહોલ છવાયો




અમરેલી, તા. ૩૦

રાજુલા તાલુકાના ધારેર ગામની ધાતરવડી નદીમાં મંગળવારે અકસ્માતે પડેલા ત્રણ સગા ભાઈઓ તથા કૌટુંબિક બનેવી સહિત ૪ લોકો ચેકડેમના પાણીમાં ગરક થઈ જવા પામેલ હતા. તે પૈકી ગઈકાલે એક સાળા તથા કૌટુંબિક બનેવીના મૃતદેહ મળી આવ્યા બાદ આજે વધુ બે મૃતદેહ અમરેલી ફાયર ટીમે શોધી કાઢતા પાણીમાં તણાય ગયેલા ચારેયના મૃતદેહ મળી આવ્યા હતા.

આ બનાવમાં જાણવા મળતી વિગત મુજબ રાજુલા તાલુકાના બર્બટાણા ગામે રહેતા અલ્પેશ ખીમાભાઈ પરમાર તથા તેમનાં ભાઈ મેરામભાઈ ખીમાભાઈ પરમાર, કાનાભાઈ ખીમાભાઈ પરમાર, ભરતભાઈ ખીમાભાઈ પરમાર તેમજ તેમનાં કૌટુંબિક બનેવી પિન્ટુભાઈ ઉર્ફે હિંમતભાઈ પાંચાભાઈ વાઘેલા સહિતના લોકો ગઈકાલે ધારેર ગામેથી આગરીયા ગામે જવા માટે ગત મંગળવારે બપોરના આશરે ૩ વાગ્યા દરમ્યાન ધારેર ગામે ધાતરવડી ડેમના કોજવે પાસે ધારેર ગામના સ્મશાન પાસે આવેલ નદીના કોઝવે ઉપરથી પસાર થતા તે દરમ્યાન પાણીના પ્રવાહમાં ભરતભાઈ ખીમાભાઈ પરમાર અચાનક પાણીમાં તણાય જતા તેમનાં ભાઈઓ મેરામભાઈ, કાનાભાઈ તથા ભરતભાઈ અને કૌટુબિંક બનેવી

અનુસંધાન પાના ૬ ઉપર

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,07,600/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૩૦/૧૦/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જવેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
સરદાર સાહેબને ૧૫૦ મી જન્મજયંતી એ કોટી કોટી વંદન
રૂા. ૧૦,૦૦૦ કે તેથી વધુ સોના-ચાંદીનાદાગીનાની ખરીદી કરો અને મેળવોલાખોની ઈનામો જીતવાની તક...
ઈનામોની વણઝાર
તા. ૦૧ જુન ૨૦૨૫ થી તા. ૧૫ ડિસેમ્બર ૨૦૨૫ સુધી
63 56 56 00 00
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
MO.96018 98981

NETRA CHIKITSA TRUST
MULTISPECIALITY HOSPITAL
(ગોળ હોસ્પિટલ) - ચિતલ રોડ, અમરેલી
WE ARE HIRING
MEDICAL OFFICER
Walk-In Interview
Date : 24/10/2025 to 05/11/2025
Time : 10 Am to 2 Pm
Send your resume
dr.arpanjani@gmail.com
9978966629/7984691227
APPLY NOW
Place : Nct campus, Chittal road, Amreli | www.nctamrelihospital.com

અમરેલીના જુના માર્કેટયાર્ડમાં
દુકાન વેચવાની છે...
અમરેલીના જુના માર્કેટયાર્ડમાં 'કળશ મોલ' ની બાજુમાં આવેલ મોકાની દુકાન વેચવાની છે.
:: સંપર્ક કરો ::
મો. ૭૮૭૪૩ ૯૩૪૮૪

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
The King of catcring service
શ્યામ કેટરર્સ
અરજણભાઈ પટેલ મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ મો. ૯૬૮૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શુધ્ધ ઘી માં તરબોળ ફ્રાયફુટ ચુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ MO.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી-૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

દેશ ની અખંડ એકતા ના પ્રતીક સરદાર વલ્લભભાઈ પટેલ ની ૧૫૦ મી જન્મજયંતી એ સરદાર સાહેબ ને શત્ ... શત્... વંદન
લોહ પુરૂષ આપણા સૌના સરદાર
સર્વે સમાજના હૃદયમાં વસેલા
સૌના સરદાર, જય સરદાર
DIITO
SHREE RAM METAL
MIRA UDHYOGNAGAR MAIN ROAD,
PLOT - 95, BANSIDHAR WAY
BRIDGE STREET No.1,
AJI RING ROAD, RAJKOT
(GUJRAT) INDIA, PIN CODE :- 360 002
Mr. VIPUL PATEL

Sheetal ICE CREAM
WE ARE HIRING
JOIN INDIA'S MOST TRUSTED FMCG BRAND
• માઈક્રો બાયોલોજીસ્ટ - 4
• ડેરી ટેક્નોલોજીસ્ટ - 4
• ફૂડ ટેક્નોલોજીસ્ટ - 5
• કેમિસ્ટ - 3
• એચ.આર એક્ઝિક્યુટિવ - 2
• રીપોર્ટીંગ મેનેજર - 2
• ટ્રેનર - 1
ઉપરોક્ત આપેલ જગ્યા માટે સોમવાર/ગુરુવાર સવારે 8 થી 12 અને સાંજે 4 થી 6 વાગે તમારું CV આપેલ નંબર પર પહેલા વોટ્સએપ કરવું અને ત્યારબાદ CV અને ઓરીજનલ ડોક્યુમેન્ટ સાથે રૂબરૂ મળવું.
Location :
શીતલ કુલ પ્રોડક્ટ્સ લિમિટેડ
પ્લોટ નં. ૭૫ થી ૮૧, જી.આઈ.ડી.સી. એસ્ટેટ, અમરેલી-૩૬૫૬૦૧, ગુજરાત.
scplhr1994@gmail.com
+91 92744 11751

"NAARI WELCOMES NEW TEAM MEMBER"
naari HOSPITAL
ડો. વિજય એચ.નાકરાણી
એમ.બી., ડી.જી.ઓ.
સ્ત્રી રોગ તથા દુરબીનથી થતા ઓપરેશનના નિષ્ણાંત
: અભ્યાસ :
MBBS: જી.એમ.ઈ.આર.એસ.મેડીકલ કોલેજ, વલસાડ
D.G.O.: સરકારી હોસ્પિટલ, ધોરાજી, રાજકોટ
:: અનુભવ ::
■ ૨ વર્ષ સિવિલ હોસ્પિટલ - ધોરાજી ■ ૧ વર્ષ સિવિલ હોસ્પિટલ - અમરેલી
■ ૧ વર્ષ સિવિલ હોસ્પિટલ - સાવરકુંડલા ■ ૨ વર્ષ હાલ નારી હોસ્પિટલ - અમરેલી
૫૦૦૦ + નોર્મલ તથા જોખમી ડીલેવરી ૧૫૦૦ + સિઝેરીયન
૫૦૦ + ગર્ભાશયની કોથળી તથા ગાંઠના ઓપરેશન
નારી હોસ્પિટલ
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૧૩૨૪

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)